દાવો રજુ તારીખ : ૦૮/૦૮/૨૦૧૩

દાવો દાખલ તારીખ : ૦૮/૦૮/૨૦૧૩

દાવો ફેંસલ તારીખ : ૦૪/૦૪/૨૦૧૮

અવધિ: વર્ષ : માસ : દિવસ :
:૦૪ : ૦૭ : ૨૭ :

**રાજુલાના મહે. સ્પેશિયલ જજ (શ્રી એ.કે.શાહ) સાહેબની કોર્ટમાં મુ. રાજુલા.**

**સ્પેશિયલ સિવિલ સ્યુટ (ઈલે.સીટી) નં. ૨૨૧/૨૦૧૪**

**આંક –૧૭**

**વાદી:–** પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
હેડ ઓફીસ રેસકોર્સ વડોદરા આવેલ છે.
જેની નીચે એક ડીવીઝન ઓફીસ અમરેલી મુકામે આવેલ છે.
નાયબ ઈજનેર શ્રી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.
સબ ડીવઝન, ખાંભા
તા. ખાંભા, જી.અમરેલી.

**વિરુધ્ધ**

**પ્રતિવાદી:–**મનુભાઈ ધનજીભાઈ નસીત
ઉ.વ. પુખ્ત ધર્મ હિન્દુ
રહે. ઉમરીયા, તા. ખાંભા, જી.અમરેલી.

---

વાદી તરફે વકીલ શ્રી **આર.બી. જોષી**

પ્રતિવાદી તરફે **એક તરફી.**

---

**દાવો :– રૂા. ૭૩૬૪–૪૦ પૈસા વસુલ લેવા બાબતે .**

## ઠરાવ.

**(૦૧). વાદીના દાવાની ટુંકમાં એવી હકીકત છે કે ,** વાદી ગુજરાત રાજયમા ઈલેકટ્રીકસીટી સપ્લાય એકટ અન્વયે ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડ નામનું કોર્પોરેટ બોર્ડ સ્થાપાયેલ હતું અને ગુજરાત રાજયમં વીજ ઉત્પાદન અને વિતરણનું કામ કરતુ હતુ દરમ્યાનમાં નામ.ગુજરાત સરકાર તરફથી ધી ગુજરાત ઈલેકટ્રીકસીટી ઈન્ડસ્ટ્રી (રીઓર્ગોનાઈઝેશન એન્ડ રેગ્યુલેશન્સ) એકટ ૨૦૦૩ અમલમાં આવતા તે નીચે ગુજરાત વિદ્યુત બોર્ડનું પુન:ગઠન થતા વાદી કંપનીની સ્થાપના થયેલ છે અને તે કાયદાની જોગવાઈ અનુસાર ગુજરાત ઈલેકટ્રીકસીટી બોર્ડની મિલકત, લેણા, જવાબદારીઓ અને જે તે પ્રોસીડીગ્સ, કાર્યો અને ફરજો વગેરે કરવા માટે વાદી કંપનીને અધિકાર પ્રાપ્ત થયેલ છે તેથી દાવામાં જે તે વખતે ગુજરાત ઈલેકટ્રીકસીટી બોર્ડ તરફથી થયેલ કાર્યવાહી કરી છે.તે જોગાવાઈ પ્રમાણે વાદી કંપની તરફે આ દાવો કરેલ છે. તે રીતે વાદી તરફે નાયબ ઈજનેર શ્રી ને અધિકાર પ્રાપ્ત થયેલ છે. વાદી કંપની જુદા જુદા હેતુઓ ઉપરાંત ઘર વપરાશ, ખેતીવાડી, ઔદ્યોગીક કોર્મશીયલ વગેરે માટે પણ વિજ પુરવઠો પુરો પાડે છે અને વીજ જોડાણ આપેલ છે. પ્રતિવાદી વાદી કંપનીના કાયદેસરના ગ્રાહક નથી અને વાદી કંપની પાસે કયારેય પણ ઘર વપરાશ માટે વીજ જોડાણ મેળવવા માટે માંગણી કરેલ નથી. વાદી કંપનીના અધિકારીઓ અને કર્મચારીઓ તા. ૦૭/૧૦/૨૦૧૨ ના રોજ ખાંભા તાલુકાના ઉમરીયા ગામની સીમની જમીન પર વીજચેકીંગ કરવા ગયેલ ત્યારે આ કામના પ્રતિવાદીએ તેમના ખેતર પાસે એલ.ટી. લાઈન પસાર થાય છે તે એલ.ટી. લાઈનના જીવંત પોલ ઉપરથી ફેઈઝ ન્યુટ્રલ વાયરના છેડા સાથે ડાયરેકટ આશરે ૧૫૦ મીટરના પીળા કલરના સર્વિસ વાયરને લંબાવી ડાયરેકટ આંકડીયો લંગરીયુ નાંખી બિનઅધિકૃત રીતે જોડાણ કરી પોતાના ખેતરમાં જોડાણ કરી બિનઅધિકૃત રીતે વીજ વપરાશ કરતાં માલુમ પડેલ. સ્થળ ઉપરથી વાયર કબજે લીધેલ છે. તે વખતે સ્થળ પર પ્રતિવાદીનાં પ્રતિનિધી

હાજર હોય પ્રતિવાદી પ્રતિનિધીને સહી કરવા કહેતા તેમણે સહી કરેલ નથી અને તેઓની હાજરીમાં હાજર રહેલા વાદી કંપનીના અધિકારીઓએ સ્થળ પર તે જ તારીખે અને સમયમે વીજ જોડાણ તપાસણી અહેવાલ અને સ્થળ પરનું રોજકામ નકશા સહિત કરેલુ અને બન્ને સાધનીક કાગળોમાં રૂબરૂપણામાં સહીઓ કરેલી અને ત્યાં હાજર પ્રતિવાદીના પ્રતિનિધીને સહી કરવાનું કહેતા સહી કરેલ નથી અને આ રીતે પ્રતિવાદી પાવર ચોરી કરતા માલુમ પડેલ. તેથી બીલની રકમ વાદીને આપવા પ્રતિવાદી બંધાયેલા છે અને વિલંબીત ચાર્જ ભરવા પણ બંધાયેલા છે.વાદી કંપનીને સદરહુ રકમ પ્રતિવાદી ભરપાઈ ન કરે તો ૧૮% મુજબનું વ્યાજનું નુકશાન વસુલ પણ હકક અધિકાર છે. જેથી પ્રતિવાદીની ભરપાઈ કરવા ફરજ અને જવાબદારી છે. આમ, આ રીતે પ્રતિવાદી વીજ ચોરી બદલ વાદી કંપની તરફથી આપવામાં આવેલ તે વીજ બીલની રકમ વાદીને વસુલ આપવા બંધાયેલા હતા. પ્રતિવાદીની કાયદેસર ફરજ અને જવાબદારી હતી. આથી પ્રતિવાદીને પાવરચોરીની બીલની રકમ રૂા.૭૩૬૪–૪૦ પૈસા પુરાનું બીલ આપેલ હતું.જે આજ પર્યન્ત પ્રતિવાદીએ વસુલ આપેલ નથી. તેમજ પ્રતિવાદી તરફથી કમ્પાઉન્ડીગ ચાર્જની રકમ પણ ભરપાઈ કરવામાં આવેલ નથી. સદર બીલની રકમ રૂા. ૬૮૬૧–૪૦ તથા વિલંબીત ચાર્જના રૂપિયા ૫૦૩–૦૦ પૈસા મળી કુલ રૂપિયા ૭૩૬૪–૪૦ પૈસા પુરા વસુલ આપવા પ્રતિવાદીને વાદી તરફથી નોટીસ આપેલ જે બજેલ હતી. છતાં પ્રતિવાદીએ રકમ આપેલ નથી અને ગંભીર પ્રકારની ગુન્હાહીત કહી શકાય તેવી બેદરકારી દાખવેલ છે. જેથી સદર રકમ વસુલ મેળવવા હાલનો દાવો કરેલ છે. તેમજ પ્રતિવાદી પાવર ચોરી કરતાં પકડાયેલ હોવાથી તેમના વિરુધ્ધ સંબધીત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ પણ કરેલ છે વગેરે હકીકત જણાવી દાવાની માંગણીના પેરા મુજબની દાદ મળવા અરજ કરેલ છે.વાદીએ દાવા સાથે પોતાનું સોગંદનામું રજુ રાખેલ છે.

**(૦૨)** પ્રતિવાદીને આ દાવાની નોટીસ ધોરણસર બજી જવા છતાં તેઓ દાવા કામે હાજર થયેલ નથી. જેથી તેમના વિરુધ્ધ આ દાવાનું કામ **એક તરફી ચલાવવાનો** હુકમ આંક –૧ નીચે પસાર કરવામાં આવેલ છે.

**(૦૩)** આ કામે વાદી તરફથી વાદી કંપનીના નાયબ એન્જીનીયર શ્રી વિનોદભાઈ જગમાલભાઈ બારડ પોતાનું સરતપાસનું સોગંદનામું આંક – ૭ થી રજુ કરેલ છે. તેમજ નીચે મુજબનો **દસ્તાવેજી પુરાવો** વાદી તરફે રજુ થયેલ છે.

(૧)આંક–૦૯ થી દાવો દાખલ કરવાનો ઓફીસ ઓર્ડર,

(૨)આંક – ૧૦ થી પરફોમા નં. ૧૨,

(૩)આંક–૧૧ થી પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ,

(૪)આંક–૧૨ થી પ્રતિવાદીને નોટીસ બજ્યાની પાવતી,

(૫)આંક –૧૩ થી પાવર ચોરીનાં બીલનું આકારણી પત્રક,

(૬)આંક –૧૪ થી વીજ જોડાણ તપાસણી અહેવાલ,

(૭)આંક–૧૫ થી સ્થળ પરનું રોજકામ,

**(૦૪)** આ કામે વાદી તરફે આંક–૧૬ ની પુરશીશ મુજબ પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.તેમજ આ કામે વાદીના સાહેદની પ્રતિવાદી તરફે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી અને તેમનો **ઉલટતપાસ કરવાનો હકક બંધ કરેલ છે.** તેમજ પ્રતિવાદી પક્ષે કોઈ પણ જાતનો પુરાવો, કે દલીલ રજુ રાખેલ નથી.

**(૦૫)** આ દાવાના આખરી નિર્ણય માટે **આંક –૬ થી મુદાઓ** ઘડવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે , પ્રતિવાદીએ ગેરકાયદેસર વીજ વપરાશ કરી વીજ ચોરી કરેલ છે?

(૨) શું વાદી માંગ્યા મુજબની વીજ ચોરીની રકમ વ્યાજ તથા ખર્ચ સહીત મેળવવા હકકદાર છે? જો હા કેટલા ટકાના દરે?

(૩) શું હુકમ અને શું હુકમનામુ?

**(૦૬)** ઉપરોકત મુદાઓના **નિર્ણયના મારા કારણો** નીચે મુજબ છે.

<u>**કારણો**</u>

<u>**મુદા નં.૧. અને ૨.**</u>

**(૦૭)** ઉપરોકત બંને મુદાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતોનું પુનરાવર્તન ન થાય તે માટે તમામ મુદાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

**(૦૮)** આ કામે વાદી તરફે તેઓના વિ.વ.શ્રી આર.બી. જોષીએ દલીલો કરેલ છે અને તેઓએ મોટાભાગની દલીલોમાં દાવાની હકીકતો જણાવેલ છે. જેથી તેનો ઉલ્લેખ અત્રે કરવામાં આવતો નથી.તેમજ વાદી કંપનીના ડેપ્યુટી એન્જીનીયર શ્રી વિનોદભાઈ જગમાલભાઈ બારડએ આંક –૭ થી પોતાની સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે.જે વંચાણે તથા ધ્યાને લેતાં તેઓએ આંક – ૧ ની દાવા અરજીને સુંસગત તમામ હકીકતો જણાવેલ છે જેનું વર્ણન આ ઠરાવના પેરા નં.૧ માં વિગતવાર કરેલ હોવાથી હકીકતોનું પુનરાવર્તન ન થાય તે માટે તેનો વિશેષ ઉલ્લેખ અત્રે કરવામાં આવતો નથી. વાદી સાહેદ દવારા જે ઉપરોકત સોગંદનામુ રજુ કરેલ છે તે વંચાણે તથા ધ્યાને લેતાં તેઓ દવારા (૧)આંક–૦૯ થી દાવો દાખલ કરવાનો ઓફીસ ઓર્ડર, (૨)આંક – ૧૦ થી પરફોમા નં. ૧૨, (૩)આંક–૧૧ થી પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ, (૪)આંક–૧૨ થી પ્રતિવાદીને નોટીસ બજ્યાની પાવતી, (૫)આંક –૧૩ પાવર ચોરીનાં બીલનું આકારણી પત્રક, (૬)આંક–૧૪ થી વીજ જોડાણ તપાસણી અહેવાલ, (૭)આંક–૧૫ થી સ્થળ પરનું રોજકામ રજુ છે. આ તમામ દસ્તાવેજી

પુરાવો ધ્યાને લેતા તેનું પુરાવામાં મુલ્યાંકન કરતા પ્રતિવાદી દવારા સદર પુરાવાને પડકારેલ ન હોય તેમજ વિરુધ્ધનો કોઈ પુરાવો રજુ કરેલ ન હોય વાદીને આ પુરાવો ન માનવાને કોઈ કારણ ન હોય આ હકીકત વાદી દવારા પોતાના સોગંદનામામાં જણાવેલ હોય જેથી આ કામે પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વીજ વપરાશ કરી વીજ ચોરી કરેલાનું વાદી પુરવાર કરે છે. આ કામના વાદી ધ્વારા જે દસ્તાવેજી આધારો રજુ કરેલ છે તે જોતાં પ્રતિવાદી ગ્રાહક ન હોવા છતાં ગેરકાયદેસર વીજ જોડાણ કરેલ છે. જેનું સ્થળ પરનું રોજકામ રજુ કરવામાં આવેલ છે તેમજ વીજ જોડાણ તપાસણી અહેવાલ પણ આપવામાં આવેલ છે અને પ્રતિવાદીને પાવર ચોરીનું બીલ પણ આપેલ છે. પ્રતિવાદીની સામે ફોજદારી ફરીયાદ પણ કરવામા આવેલી છે તેમજ પ્રતિવાદીને બીલની રકમ ભરવા માટે વાદી ધ્વારા લીગલ નોટિસ પણ આપવામાં આવેલ છે. તેમ છતાં પ્રતિવાદીએ આજ દિવસ સુધી વાદીને કોઈ રકમ ચુકવી આપેલ નથી તેમજ વાદીના દાવામાં પણ હાજર રહેલ નથી. આ વાદી સાહેદની પ્રતિવાદી પક્ષે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. તેથી વાદીની જુબાની અનચેલેન્જ પસાર થયેલ છે તેથી વાદીની જુબાની ન માનવા કોઈ કારણ નથી. હવે, આ દાવાનો નિર્ણય વાદીના ઉપરોકત એક માત્ર સાહેદની જુબાની અને તેઓની જુબાનીમાં રજુ કરેલ દસ્તાવેજી પુરાવા પર કરવાનો રહે છે.આ કામે પ્રતિવાદી હાજર થયેલ નથી કે તેઓએ વાદીના દાવાનો કોઈ જવાબ રજુ કરેલ નથી કે વાદી સાહેદની ઉલટતપાસ લીધેલ નથી કે તેઓનો કોઈ પુરાવો કે દલીલ રજુ કરેલ નથી. આમ, વાદી કંપનીના ઉપરોકત સાહેદની જુબાની અને તેઓની જુબાનીમાં રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવા પરથી પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વીજ વપરાશ કરી વીજ ચોરી કરેલ હોવાનું અને વાદી માગ્યા મુજબની વીજ ચોરીની રકમ દાવા ખર્ચ સહીત મેળવવા હકકદાર થતા હોવાનું વાદી પુરવાર કરે છે. તેમજ વાદી પ્રતિવાદી પાસેથી બાકી નાંણા ઉપર વ્યાજ મેળવવા હકકદાર થાય છે. પરંતુ વાદીએ જે ૧૮% વ્યાજની માંગણી કરેલ હોય તે વધુ

પડતી હોય, ૧૮% વ્યાજ અંગે કોઈ પુરાવો રજુ કરેલ નથી જેથી હાલનો વ્યાજનો દર જોતા વાદીને વાર્ષિક –૯ (નવ) ટકા વ્યાજ અપાવવું વાજબી અને ન્યાયી જણાતું હોય, અને વાદી તે મુજબ દાદ મેળવવા હકકદાર થતાં હોય તેમથી ઉપરોકત મુદાઓના નિર્ણય તે મુજબ ઠરાવી, **મુદા નં.૩** અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**(૦૯) ઉપરોકત મુદાઓના મારાં નિર્ણય નીચે મુજબ છે.**

(૧) મુદા નં. ૧ – હકારમાં.

(૨) મુદા નં. ૨ – અશંત: હકારમાં.

(૩) મુદા નં. ૩ – આખરી હુકમ મુજબ.

**આખરી હુકમ**

**(૧)** વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે. આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીની લેણી રકમ પુરા રૂપિયા **૭૩૬૪–૦૦ (અંકે રૂપિયા સાત હજાર ત્રણસો ચોસઠ)**પુરા દાવા દાખલ **તા.૦૮/૦૮/૨૦૧૩** થી વસુલ થતા સુધી વાર્ષિક –૯(નવ) ટકાના વ્યાજસહ ચુકવી આપવી. જો પ્રતિવાદી તેમ કરવામાં કસુર કરશે તો વાદી પ્રતિવાદીની હરેક મિલકતથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

**(૨)** વાદીનું દાવાનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું અને પ્રતિવાદીએ તેનું ખર્ચ જાતે ભોગવવું.

**(૩)** હુકમ મુજબ હુકમનામુ દોરવું.

આ હુકમ આજરોજ તારીખ: ૪ થી, માહે– એપ્રિલ, સને. ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજુલા.
તા. ૦૪/૦૪/૨૦૧૮

(અશ્વિનકુમાર કેશવલાલ શાહ)
GJ00663
ત્રીજા(એડ–હોક)એડી. સ્પેશ્યલ જજ ,
રાજુલા.